# <u>ખેડૂત ઉપયોગી ભલામણ</u>

પ્રાધ્યાપક અને વડા શ્રી, કીટકશાસ્ત્ર વિભાગ, ન. મ. કૃષિ મહાવિધાલય, નવસારીની યાદી જણાવે છે કે હાલમાં દક્ષિણ ગુજરાતમાં ધુમ્મસના પ્રમાણમાં થયેલા વધારાને લીધે પાન તેમજ પુષ્પવિન્યાસ પર પાણીનું આવરણ રચાય છે જે આંબાના પાકને મહતમ નુકશાન પહોંચાડતા રોગો જેવા કે કાલવ્રણ (એન્થ્રેકનોઝ) તેમજ ભુકીછારા (પાવડરી મીલ્ડયુ) ના પ્રમાણમાં વધારો કરે છે. જો આ રોગોના પ્રમાણમાં વધારો થાય તો ઉત્પાદન પર ખુબજ માઠી અસર થવાની સંભાવના રહેલી છે જેથી આ રોગના નુકશાનથી બચવા માટે ખેડૂતોને કાર્બેન્ડેઝીમ ૫૦ ટકા વે. પા. ૫ ગ્રામ અથવા હેકઝાકોનાઝોલ ૫ ટકા ઈ.સી.૧૦ મીલી દવાનુ ૧૦ લીટર પાણીમાં દ્રાવણ બનાવી તેનો છંટકાવ કરવો જેથી પાકને રોગોના ઉપદ્રવથી બચાવી શકાય.

આંબાનો ભુકીછારો



આંબાનો કાલવ્રણ

